ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# પ્રધાનમંત્રીના માતૃશ્રી હિરાબાના ૧૦૦મા જન્મ દિવસની ઉજવણી વડનગરમાં

**વડનગરના શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂ. હિરાબાના શતાયુ પ્રવેશની ઉજવણી ભક્તિમય માહોલમાં કરાશે : પ્રધાનમંત્રી ઉપસ્થિત રહે તેવી સંભાવના**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હિરાબા આગામી તા. ૧૮મી જૂનના રોજ શતાયુ પ્રવેશ



કરી રહ્યા છે. તેમના ૧૦૦મા જન્મ દિવસની ઉજવણી વડનગરમાં ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હિરાબા શતાયુ પ્રવેશ કરી રહ્યા હોવાથી વડનગરમાં તેની ઉજવણી કરવામાં આવશે. તેઓના દીર્ઘાયુષ્ય અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે સુંદરકાંડ, શિવ આરાધના અને ભજન સંધ્યાનો ત્રિવેણી કાર્યક્રમ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર, વડનગર ખાતે સાંજે ૭.૩૦ કલાકે યોજાશે.

પૂ. હિરાબા અને તેમનો પરિવાર વડનગરના વતની હોઈ તેમના શતાયુ પ્રવેશની ઉજવણી કરવા વડનગરના નગરજનો ખૂબ ઉત્સાહી છે. સર્વે નગરજનો આ ઉજવણીમાં સહભાગી થવા આતુર છે. સુંદરકાંડના પાઠ વક્તા કેતનભાઈ કામલે કરશે જ્યારે ભક્તિ ભજન જીતુભાઈ રાવલ રજૂ કરશે. શિવ આરાધના જાણીતા ગાયક સુશ્રી અનુરાધા પૌંડવાલના કંઠે રજૂ કરાશે, જ્યારે લોકહાસ્ય ગુણવંતભાઈ ચુડાસમા રજૂ કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ ઉજવણીમાં સામેલ થાય તેવી સંભાવના છે. તેઓ આ દિવસો દરમ્યાન ગુજરાતની મુલાકાતે હોઈ પૂ. હિરાબાની શતાયુ પ્રવેશની ઉજવણીમાં સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રાયસણ પેટ્રોલ પંપ નજીકનો માર્ગ પૂજ્ય હિરાબા માર્ગ તરીકે ઓળખાશે

ગાંધીનગર, તા. ૧૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હિરાબા શતાયુ પ્રવેશ કરી રહ્યા છે. આ અવસરને યાદગાર બનાવવા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને રાયસણ પેટ્રોલ પંપથી ૮૦ મીટરના રોડનું 'પૂજ્ય હિરાબા માર્ગ' તરીકે નામાભિધાન કર્યું છે.

ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતા પૂજ્ય હિરાબા આગામી તા. ૧૮-૬-૨૦૨૨ના રોજ શતાયુ પ્રવેશ કરી રહ્યા છે. તેમના ૧૦૦મા જન્મ દિવસની ઉજવણીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને યાદગાર બનાવવાનો નિર્ણય કર્યો છે. લોકલાગણીને માન આપીને રાયસણ પેટ્રોલ પંપથી ૮૦ મીટરનો રોડ હવેથી 'પૂજ્ય હિરાબા માર્ગ' તરીકે ઓળખવામાં આવશે. ગાંધીનગરના મેયર હિતેશ મકવાણાએ આ જાહેરાત કરી છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ કેસ

**આજે સંક્રમિતોની યાદીમાં બે બાળકો, મા-દિકરો પણ સંક્રમિત થયા, ગાંધીનગર શહેરમાં ૭ કેસ : સે. ૨૧, ૨૯ માં ૨-૨ કેસ, આઈઆઈટી, કુડાસણ, સે. ૧ માં ૧-૧ કેસ : કુડાસણમાં નોંધાયેલ વૃદ્ધ દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા : ગાંધીનગર તાલુકામાં ૨ અને કલોલમાં ૧ કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના ૭ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩ કેસ નોંધાતાં તંત્રમાં હડકંપ મચી જવા પામી છે. શહેર-જિલ્લામાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

શહેર-જિલ્લામાં જે રીતે કોરોનાના કેસો સામે આવી રહ્યા છે તેને લઈ ચોથી લ્હેરનું આગમન થઈ ગયાનું તંત્ર હવે આડકતરી રીતે સ્વીકારતુ થયુ છે. લોકલ ટ્રાન્સમિશન અને ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ વધુ ને વધુ કોરોનામાં સપડાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટ્યા પછી કોરોના ગાઈડલાઈનના પાલનમાં જે રીતે લોકો બેફિકરાઈ દાખવી રહ્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. શહેર-જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે ગઈકાલે રાજ્યકક્ષાએથી એક ખાસ વિડીયો કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

લોકલ ટ્રાન્સમિશનના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. જેમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં નોંધાયેલા ૭ દર્દી પૈકી ૧ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૧માં બે, સે. ૨૯માં ૨, આઈઆઈટી, સે. ૧ માં એક-એક કેસ તેમજ કુડાસણમાં એક કેસ નોંધાયેલ છે. ગઈકાલે આઈઆઈટીમાંથી ૪ કેસ બાદ આજે વધુ એક ૭ વર્ષીય દિકરી સંક્રમિત થઈ છે. સે. ૨૯માં ૬ વર્ષનો દિકરો તેમજ તેની માતા સંક્રમિત થયા છે. આ મા-દિકરો કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી અને સંક્રમિત થયા હોવાથી તંત્ર પણ હવે તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ વધુ વિગતો જાણવામાં વ્યસ્ત બન્યુ છે.

ગાંધીનગરના આર્થિક કેપીટલ ગણાતા સે. ૨૧માં એક ૬૯ વર્ષીય મહિલા અને ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા પણ કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. બન્ને મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧માં એક ૨૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવક ધંધાર્થે સુરતની મુલાકાતે ગયો હતો અને ત્યાંથી ૧લી જૂને પરત ફર્યા બાદ તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણમાં ૬૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પરિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં બે અને કલોલમાંથી એક કેસ મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલના પંચવટી વિસ્તારમાં પાંચ વર્ષનું બાળક સંક્રમિત થયુ છે.

ગાંધીનગર તાલુકાના મોટી આદરજ પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવેલા અદાણી શાંતિગ્રામમાં રહેતા એક ૪૮ વર્ષીય કર્મયોગી સંક્રમિત થયા છે. આ ઉપરાંત પ્રાંતિયામાં એક મહિલા જે પિયર આવી હતી અને સંક્રમિત થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના સ્વભંડોળની સ્થિતિ વધુ એકવાર નાજુક બની

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની સ્વભંડોળની સ્થિતિ નાજુક બની છે અને હવે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પ્રમુખ દિલીપભાઈ પટેલે કવાયત ચાલુ કરી હોવાનું જાણવા મળેલે છે.

આરોગ્ય કર્મીઓને પગાર તફાવતની રકમ રૂ. ૧.૯૨ કરોડ જેટલી માતબર રકમ સરકારના આદેશને પગલે આરોગ્યતંત્રની માઈનસ ગ્રાન્ટમાંથી ચુકવી દેવાયા છે એટલે થોડીક રાહત જરૂર થઈ પરંતુ જેટલી આવકનો અંદાજ હતો તેટલી જ રકમના કામોનું આયોજન કરી અને વહીવટીય મંજૂરીઓ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

પરિસ્થિતિ એવી ઉભી થઈ ગઈ છે કે જિલ્લા પંચાયતના વહીવટીય ખર્ચને હવે કેવી રીતે પહોંચી વળવુ જે અંદાજે ૩ થી ૪ કરોડ રૂ. જેટલો થાય છે. જો આ સ્થિતિ રહેશે તો આઉટસોર્સિંગ એજન્સીઓના પગાર બિલો અને અન્ય બિલો સ્થગિત થઈ જશે.

જિલ્લા પંચાયતના ત્રણ દાયકાના સમયમાં પહેલીવાર આર્થિક સ્થિતિ નાજુક બનીને ઉભરી આવી છે.

અધિકારીઓ પણ પરિસ્થિતિને લઈ મૌન ધારણ કરી બેઠા છે એટલુ જ નહિ આ બાબતે યોગ્ય મોનીટરીંગની જેમની જવાબદારી થાય છે તે અધિકારીઓ પણ મૌન બની ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૦ ટકા વળતર સાથે એડવાન્સ મિલ્કતવેરો ભરવાની મુદત ૩૦ જૂન સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાએ ૧૦ ટકા વળતર સાથે એડવાન્સ મિલ્કતવેરો ભરવાની મુદતમાં પુનઃ એકવાર વધારો કરી આ મુદત ૩૦-૬-૨૨ સુધી લંબાવી છે.

મનપામાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં સર્વેમાં રહેલી ક્ષતિઓ તેમજ યોજનાનો અમલ મોડો શરૂ કરાયાની વાતો બહાર આવી છે. આ માટેનું સર્વર પણ સતત ધીમી ગતિએ ચાલતુ હોવાની ફરિયાદો ઉઠી છે.

મનપાના સર્વે સામે અનેકવિધ ફરિયાદો મિલ્કતધારકો તરફથી મળી છે. આ ફરિયાદો ૩૫૦૦ થી વધુ મળી હોવાનું જાણવા મળેલ છે. જોકે મનપાને એડવાન્સ મિલ્તવેરાની આવક ધારણા કરતાં વધુ થઈ છે પરંતુ ગ્રામ્ય વિસ્તાર જે નવો ભેળવવામાં આવેલ છે તેમજ સર્વેમાં રહેલી ક્ષતિઓને પગલે હવે ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કેમ્પોનું આયોજન કરવાની પણ વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં વળતર યોજનાના લાભ સાથે ૬૫ હજાર મિલ્કતધારકોએ તેમનો એડવાન્સ મિલ્કતવેરો ભરી દીધો છે. આ આવક ૩૦ કરોડને પાર થઈ છે.

મનપાના અંદાજપત્રમાં આ આવક રૂ. ૪૫ કરોડ જેટલી અંદાજવામાં આવી હતી. મનપામાં મિલ્કતવેરા અંગે ઈ. નગર સોફટવેરને લઈ અનેકવિધ ફરિયાદો આવી છે તેની તંત્રએ ગંભીર નોંધ લીધી છે.

મળતી વિગતો મુજબ આમ તો ૧૦ ટકા વળતરની યોજના ૩૧-૫-૨૨ના રોજ પૂર્ણ થતી હતી પરંતુ સર્વેની ક્ષતિઓ અંગે મળેલ ફરિયાદો પછી આ મુદત વધારીને ૧૫-૬-૨૨ કરવામાં આવી હતી. આજે પણ સર્વર ધીમુ ચાલતુ હોવાથી વેરો ભરવા આવેલા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વાહન-પાર્કિંગ સહિતના પ્રશ્નો એ મિલ્કતધારકોને પરેશાન કર્યા હતા.

# જિલ્લામાં ૪ મામલતદાર સંવર્ગના અધિકારી બદલાયા

**ત્રણ નાયબ મામલતદારોને બઢતી મળી**

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારના મહેસુલ વિભાગે આજે ૧૧૦ મામલતદારોની બદલી અને ૪૦ નાયબ મામલતદારને મામલતદાર તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

આજે કરાયેલા આ હુકમોમાં ગાંધીનગર જિલ્લાના મામલતદારોની બદલી કરવામાં આવી છે અને ૩ નાયબ મામલતદારોને બઢતી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ(સીટી)ના મામલતદાર, ગાંધીનગરના મામલતદાર તેમજ દહેગામના મામલતદાર અને આઈઓરાના મામલતદારની બદલીના હુકમો કરાયા છે.

કલોલ ગ્રામ્યમાં મામલતદારની ખાલી જગ્યા પર ભરૂચ જિલ્લાના નાયબ મામલતદાર રશ્મિનકુમાર ઠાકોરની નિમણુંક કરાઈ છે અને સીટી મામલતદારની જગ્ય ખાલી રખાઈ છે. ખેડાના નાયબ મામલતદાર એચ.એમ. પટેલને ગાંધીનગર મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે ગાંધીનગર મામલતદાર દરજીને અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.

દહેગામ મામલતદાર તરીકે કલેક્ટર કચેરીમાં આઈઓરા મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રીમતિ ડૉ. ભારાઈને મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આકાશમાથી વરસાદી વાદળો હટતા ગરમીનો પારો ઉચકાયો

**તાપમાન ૩૯ ડીગ્રી : છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ૩ ડીગ્રી વધ્યુ : આજે સવારથી જ આકરા તાપ સાથે નગરજનો અસહ્ય બફારાથી પરેશાન**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં બે દિવસના વાદળિયા વાતાવરણ બાદ આજે આકાશમાંથી વરસાદી વાદળો દુર થયા હતા જેના લીધે આજે ગરમીનો પારો ફરી એક ડીગ્રી ઉપર ચઢયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ત્રણ ડીગ્રી ઉંચકાયુ હતુ જેના લીધે આજે દિવસના આકરા તાપ સાથે નગરજનોએ વાતાવરણમાં અસહ્ય બફારો વેઠ્યો હતો. વરસાદની ગેરહાજરી વચ્ચે આકરી ગરમીથી નગરજનો તોબા પોકારી ગયા છે. આજે મહત્તમ તાપામાન ૩૯ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો વધારો થયો હતો. વાતાવરણમાં આકરી ગરમીની સાથે ઉકળાટ અનુભવતા શેહરીજનો મોસમના આ વિચિત્ર મિજાજથી બેચેન બન્યા છે.

ગાંધીનગરમાં આકરી ગરમીના અંતે વરસાદી વાયરો ફુંકાતા નગરજનોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મેઘમહેર થશે તેવી આશ બંધાઈ છે. છેલ્લા બે દિવસથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના વિદાય લઈ લેતા નગરજનોની અકળામણ વધી છે. હળવા છાંટણા વરસાવી વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા જેના લીધે વાતાવરણમાં વધતા ભેજના પ્રમાણ વચ્ચે ઉકળાટ વધ્યો છે. છેલ્લા બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે આજે સવારથી જ આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ આકાશમાંથી વરસાદી વાદળો દુર હટી જતા ગરમીનુ જોર વધી ગયુ હતુ. મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ બે દિવસ અગાઉ વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન ચાર ડીગ્રી નીચે ઉતરતા ગરમીનો પારો ૩૬ ડીગ્રી પહોંચી ગયો હતો જયારે બે દિવસમાં ફરી ગરમી ૪૦ ડીગ્રીની નજીક પહોંચી ગઈ છે. આજે સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વિશેષ જોવા મળી હતી જયારે દિવસનો તાપ પણ આકરો બન્યો હતો. એકબાજુ આકરી ગરમીથી ત્રસ્ત નગરજનોમાં મેઘરાજાની પધરામણી થાય તેની ઈન્તેજારી પ્રબળ બની છે. ત્યારે બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે માત્ર છાંટણા વરસાવી વરસાદી વાદળો વિખેરાઈ જતા નગરજનો ફરી એકવાર ગરમીથી વધુ આકુળ વ્યાકુળ બન્યા છે. આજે મહત્તમ તાપમાનની સાથે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી વધ્યુ હતુ લઘુત્તમ

● અનુસંધાન પાન-૭ પર



લાગે છે કે વાદળો બસ આ જ કારણે વરસતા નથી. રેડ સિગ્નલનું ગ્રીન સિગ્નલ થવું જોઈએ હો ભાઈ હવે તો....
(છબી અને શબ્દો ડૉ.જય ઓઝા)

# પાણીની નવી લાઈન નાંખવાના પ્રોજેકટ અન્વયે ચરેડીમાં નવી ટાંકી તૈયાર થશે

**નવી લાઇનમાં કાટ નહીં લાગે લીકેજીસની સમસ્યા ઉભી નહી થાય જયારે કોમ્પ્યુટરાઇઝડ સ્કાડા સિસ્ટમના આધારે ફોલ્ટનુ ફરિયાદ પુર્વે જ નિવારણ આવી જશે**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવા સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે શહેરમાં ૨૪ કલાક પાણીના પ્રોજેકટને સફળ બનાવવા માટે પમ્પીંગ સ્ટેશનનુ પણ નવિનીકરણ હાથ ધરાયુ છે. જેમાં પાંચ નવા સંપ અને ત્રણ પાણીની ટાંકી પણ બનાવવા માટે આયોજન કરાયુ છે. આ ઉપરાંત લાઈનમાં લીકેજીસ ન થાય તે માટે નરમ કાસ્ટ અને પોલીમર પડવાળી લાઈન નાખવામાં આવી રહી છે. કોમ્પ્યુટરાઈઝડ સ્કાડા સિસ્ટમના આધારે લાઈનમાં ફોલ્ટ થાય તો ફરિયાદ પુર્વે જ તેનુ નિવારણ આવી જાય તેવી વ્યવસ્થા પણ ઉભી થઈ જશે આ ઉપરાંત સેકટરોમાં પાણીનો ફોર્સ પણ જળવાઈ રહે તે મુજબનુ આયોજન કરવામાં આવશે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન સેકટરોમાં ઠેર ઠરે ખોદકામ હાથ ધરવામાં આવ્યુ છે.ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા ચોમાસા દરમિયાન અનેક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે જોખમી સ્થિતિ સર્જાવાની દહેશત પણ પ્રબળ બની છે. શહેરમાં પાણીના નવા પ્રોજેકટ અન્વયે પાઈપલાઈન નાંખવાની કામગીરી ઉપરાંત ચરેડી ખાતે પાણીની નવી ટાંકી અને સમ્પ તૈયાર કરવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. પાંચ નવા સંપ અને ત્રણ ટાંકી બનાવાનુ આયોજન કરાયુ છે. જયારે પાઈપલાઈનની અંદર બહાર પોલીમરનુ પડ ચઢાવામાં આવ્યુ હોવાથી લાઈન કાટ પ્રતિરોધક બનશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે અમદાવાદમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના હજુ સફળ થઈ નથી ત્યારે ગાંધીનગરમાં આ યોજના સફળ થશે તેવી આશા સેવાઈ રહી છે. આગામી દિવસોમાં શહેરના સે-૨૬ અને સે-૨૮ માં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના પ્રાયોગિક રીતે શરૂ કરાશે. જયારે નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે શહેરમાં પાણીના લીકેજીસની સમસ્યા પણ હલ થશે કેમ કે જુની લાઈનો કાસ્ટ આયનની છે. જયારે લાંબા સમયના અંતે તેમાં કાટ લાગી જાય છે. લાઈનમાં કાંણા પડવાના લીધે લીકેજીસ પણ થાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં પાણીનો ફોર્સ પણ ઘટી જાય છે. જયારે નવી લાઈનો નરમ કાસ્ટ અને પોલીમર પડવાળી હોવાના લીધે લાઈનમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરથી ચિલોડા, માણસા અને વિજાપુર રૂટમાં બસ ન મળતા મુસાફરો પરેશાન

**શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ ઘણાં સમયથી બસ મળતી નથી : ડેપોમાં સાંજના સમયે પણ મુસાફરો બસ સેવા માટે કલાકો સુધી વલખા મારતા રહે છે : મુસાફરોમાં રોષ**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ડેપો સંકુલમાં મુસાફરોના વારંવાર ખિસ્સા કપાય છે. જયારે બસ માટે કલાકો સુધી વલખા મારતા મુસાફરોને ઘણાં રૂટમાં બસ સેવા પણ નસીબ થતી નથી જેના લીધે મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં શહેરી બસ સેવાના રૂટો ખોરવાઈ જતા નાગરિકોને ઘર પાસેથી મળતી બસ સેવા પણ બંધ થઈ ગઈ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ચિલોડા, વિજાપુર અને માણસા રૂટમાં પણ બસ ન મળતી હોવાનો આક્રોશ ચરમસીમાએ છે. એસ ડી ડેપો કક્ષાએથી આ રૂટમાં યોગ્ય બસ સેવા ગોઠવાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના એસ ટી ડેપોમાં સલામત સવારીના સંચાલન મામલે છેલ્લા ઘણાં સમયથી કકળાટ ઉભો થયો છે. અલબત્ત ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાના રૂટોનુ પણ યોગ્ય સંચાલન ન થતા સેકટરવાસીઓને અગાઉની જેમ સેકટરોમાંથી બસ સેવા મળતી નથી. જયારે ગાંધીનગરથી ચિલોડા, વિજાપુર માણસા તરફ જવાના રૂટમાં પણ જલ્દીથી બસ ન મળતા મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. ગાંધીનગર શહેરી બસ સેવા ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ ગ્રામવાસીઓને સલામત સવારી નસીબ થતી ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ગાંધીનગર આસપાસના વિસ્તારમાંથી રોજબરોજ અપડાઉનકર્તા વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને પણ બસ સેવા માટે વલખા મારવા પડે છે. જયારે બસ ન મળતા ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. આ મામલે પણ અનેકવાર ડેપો કક્ષાએ રજુઆત કરવા છતા પણ રૂટમાં કોઈ ફેરફાર કરાયો નથી. જયારે છેલ્લા ઘણાં સમયથી ચિલોડા, વિજાપુર , માણસા તરફના રૂટમાં પણ બસ ન મળતા મુસાફરોએ પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે.

એકબાજુ આ રૂટમાં રોજબરોજ વિશેષ ટ્રાફિક જોવા મળે છે. આમછતા ડેપો કક્ષાએથી યોગ્ય બસ સેવાનુ આયોજન કરવામાં આવતુ નથી જેના લીધે નાગરિકોએ ગમે તેમ કરીને ખાનગી વાહનોમાં જવાની ફરજ પડે છે. શહેરના એસ ટી ડેપોમાં પણ આ રૂટમાં અવરજવર કરતા મુસાફરોની સંખ્યા વિશેષ જોવા મળે છે. આમછતા ડેપો કક્ષાએથી બસના રૂટ ન ગોઠવાતા સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. આ સ્થિતિ વચ્ચે કલાકો સુધી બસ માટે વલખા મારતા મુસાફરો ડેપો કક્ષાએથી આ રૂટમાં યોગ્ય બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવે તેવી પણ માંગ કરી રહ્યા છે.

## વાલમ બ્રાહ્મણ બેસણું



અમારા માતૃશ્રી **સ્વ. પ્રભાબેન કનૈયાલાલ જોષી** તા. ૧૪/૬/૨૦૨૨ને મંગળવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬/૬/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર-૩/ડી, સાંઈબાબા મંદિર રોડ, ગાંધીનગર**

**લી.**

**સંજયકુમાર કે. જોષી** (મો. ૯૪૨૬૩ ૧૬૯૭૮) — **હર્ષા સંજય જોષી**
**પ્રકાશકુમાર કે. જોષી** (મો.. ૯૪૨૭૮ ૦૬૦૦૧ — **પ્રજ્ઞા પ્રકાશ જોષી**

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
**ગાંધીનગર સમાચાર**
**ફોન - ૨૩૨૨૨૫૭૧**
**ફોન - ૨૩૨૩૭૫૭૧**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com